| | |
|---|---|
| દાખલ તારીખ | |
| રજીસ્ટરે લીધા તારીખ | |
| ફેસલ તારીખ | 12/11/2022 |
| સમય ગાળો | વર્ષ માસ દિવસ |

## મે. રાજકોટના સ્પે. સીટીંગ મેજી. / જયુડી. મેજીસ્ટ્રેટ ફ. ક. મ્યુની. સાહેબશ્રી ની કોર્ટમાં,

**ક્રીમી. કેસ નં–૪૬૪૧/૨૦૨૨**

**આંક –**

**ફરીયાદી – નામદાર સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી** – કાવાબેન બચુભાઈ મકવાણા
રહે.રાજકોટ

## ગુનો – ધી. ગુજરાત પ્રોહી. એકટની ક.૬૫(એ)(એ) મુજબ...

**–ઃ ચુકાદો ઃ–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકી હકિકત છે કે, આરોપીએ ફરીયાદમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે ફરીયાદમાં જણાવ્યા મુજબનો પ્રોહી.૬૫(એ)(એ) કાયદાના ગુનો કરેલ હતો. આરોપી વિરૂધ્ધ ફરીયાદ થતા આરોપી વિરૂધ્ધ પ્રોહી.૬૫(એ)(એ)ના ગુનાની ચાર્જશીટ કરવામાં આવેલ. આરોપી હાજર થતા તેને નકલો આપી, તહોમતનામુ ઘડી, પ્લી નોંધવામાં આવેલ હતી. આરોપીએ ગુનો કબુલ ન કરતા ટ્રાયલ ચાલુ કરવામાં આવેલ હતી.

આજરોજ આરોપીના વિ.વ.શ્રીએ મુદ્દામાલના જથ્થા તરફ નીર્દેષ કરી જણાવેલ છે કે ૨૦ લી. કરતો ઓછો મુદ્દામાલ છે અને નોટીફીકેશન મુજબ ઠરાવેલ / નિર્દશ કરેલ મુદ્દામાલ કરતા ઓછો મુદ્દામાલ છે. જેથી પ્રોહી.૬૫(એ)(એ) નો ગુનો બને છે. ગુનો ગમે તે તબક્કે કબુલ થઇ શકે તેમ છે. જેથી અમારે આજરોજ ગુનો કબુલ કરવો છે. જેથી અમારી કબુલતા લેવા અને દંડ કરી ઓછામાં ઓછી સજા કરવા વિનંતી છે.

(૨) વિ.વ.શ્રીએ કરેલ દલીલ ધ્યાને રાખતા અને નોટીફીકેશન વંચાણે લેતા તે ગુના બાબતે આંક–૧ તળે હુકમ કરવામાં આવેલ છે. આજરોજ આરોપીએ હાજર થઇ ગુનો કબુલ કરવો હોય તેમ જણાવી કબુલાત પુરસીસ આપેલ છે. આરોપીએ ગુનો કબુલ કરવાની રજુઆત કરતા તેઓને તેઓની સામેના ગુનાની ગંભીરતા સમજાવવામાં આવેલ છે તેમ છતાં તેઓ સ્વૈચ્છીક કબુલાત કરતા હોઈ અને જે મતલબની પુરસીસ રજુ કરેલ છે. ના. સર્વોચ્ચ અદાલતનો સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. સુખદેવ સિંઘના ચુકાદમાં પ્રસ્થાપીત સીધ્ધાંત મુજબ ટ્રાયલના કોઈ પણ તબક્કે આરોપી ગુનો કબુલ કરી શકે છે. જેથી

આરોપીની સામે ફરીથી તહોમતનામુ ફરમાવી, ગુનાની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેમાં ગુનાનો એકરાર કરેલ છે અને ગુનો કરેલ હોવાનું કબુલ રાખેલ છે. વધુમાં મૌખિક રજુઆત કરતા જણાવેલ છે કે, અમોને ગુનો કબુલ કરવો છે. અમો આરોપી ગરીબ વર્ગના માણસ છીએ, અમો અમારા કુટુંબના વડીલ વ્યક્તિ છીએ. અમારી આ પ્રથમ ભુલ છે. અમોને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે, અમો હવેથી અન્ય ગુનો ના થયા તેનું ધ્યાન રાખીશું. અમારુ કુંટુબ અમારા ઉપર નિર્ભર છે. જેથી અમારી કબુલાત સ્વીકારવા તેમજ કાયદામાં ઠરાવેલ સજા કરતા ઓછી સજા કરવા નામદાર કોર્ટને વિનંતી છે.

(૩) આરોપીને આ કાયદા હેઠળની સજાની સમજ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓ ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોક્ત હકિકતે આરોપીની સ્વૈચ્છીક કબુલાત નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. ક.૬૫(એ)(એ)ના ગુનાની સજાની જોગવાઇ કેદ જે ત્રણ વર્ષ સુધી લંબાવી શકાઇ અને દંડ છે, આમ ઓછામાં ઓછી સજાની કોઇ જોગવાઇ નથી જેથી તેમાં કોર્ટ ઉઠતા સુધીની સજાથી લઇ ત્રણ વર્ષ સુધી સજા કરી શકાય તેમ છે, દંડ કોર્ટ ઉપર છોડેલ છે. ક.૧૧૬બી બ્રાન્ડેડ બોટલ માટે પૃથ્થકરણની જરૂરીયાત નથી તેવી જોગવાઇ છે, તે ગુનો નથી. ચાર્જશીટ પરથી આરોપીએ અગાઉ કોઇ ગુનો કરેલ હોય કે સંડોવાયેલા તેવી કોઇ વીગત જણાતી નથી. આમ સદર કેસની હકિકત જોતા આરોપીની ઉમર જોતા, આરોપીની શારીરિક અને આર્થીક પરીસ્થીતી જોતા તેમજ તેઓની સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લેતા તેમજ આરોપી ઉપરના આક્ષેપીત ગુના જોતા અને નટવર હરચંદજીના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને રાખતા આરોપીઓની કબુલાત સ્વીકારવાથી અને ઓછી સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાય છે. જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

/// **હુકમ** ///

- **આરોપીને ક્રિ.પો.કોડ–૧૯૭૩ ની કલમ–૨૪૧ મુજબ ધી ગુજરાત પ્રોહી. એકટની ક.૬૫એએ ગુનાના કામે ગુનો કરવા બદલ દોષિત ઠરાવવામાં આવે છે.**
- **આરોપીને ગુનો કરવા બદલ રૂ.૨૫૦/– (અંકે રૂપિયા બસો પુરા) નો દંડ અને કોર્ટ ઉઠતા સુધીની સજાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી સદર દંડની રકમ ના ભરે તો દિન–૧૦ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.**
- **સદર કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નીયમો મુજબની નાશ કરવાની કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે.**

હુકમ આજ તા.૧૨/૧૧/૨૦૨૨ ની ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખઃ ૧૨/૧૧/૨૦૨૨
સ્થળઃ રાજકોટ.

નેહા રાતુસરીયા
સ્પે. સીટીંગ મેજી. /જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ. ક.
મ્યુનીસીપલ કોર્ટ, રાજકોટ.
જજ કોડ જીજે૦૧૩૩૩